RIGHT TO INFORMATION

અપીલ અરજી નં.૪૪૭ તા.૩–૧૨ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ
સામાવાળાઃ– વીજીલન્સ એન્ડ ઈન્સ્પે. ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (વીજીલન્સ)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા. ૩–૧૧–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) રાહુલરાજ ટેક્ષટાઈલ સિટીના ગેરકાયદે ખાડી પુરાણ તથા અન્ય ગેરરીતી અનુસંધાને અમારી રજૂઆત અરજી અનુસંધાને કમિશ્નરશ્રી ધ્વારા આપને તબદીલ થયેલ અરજી જે અમોએ કમિશ્નરશ્રીને તા. ૦૫–૦૯–૧૧ને રોજ આપેલ તે પત્ર નં.૪૩૮૮ તેમજ તે જ અરજી અમોએ આપને પણ આપેલ તથા એક અન્ય અરજી જે અમોએ આપને તા.૩૧–૦૧–૧૧ના રોજ આપેલ તે ત્રણેય અરજીઓ અનુસંધાને આપની કચેરી ધ્વારા આજ સુધી જે તે તપાસ સાઈટવિઝીટ કે અન્ય કોઈપણ થયેલ કાર્યવાહીની સંપૂર્ણ માહિતી પુરી પાડવા તથા આ થયેલ કાર્યવાહીના જે તે પ્રત્યુત્તર અરજદારને પાઠવેલ હોય તથા જે તે અહેવાલ કમિશ્નરશ્રીને રજૂ કરેલ હોય તો તેની નકલ સહિતની સંપૂર્ણ માહિતી આપવી તથા આજ સુધી કોઈપણ કાર્યવાહી ન થઈ હોય તો કાર્યવાહી ન કરનાર જે તે જવાબદાર અધિકારીઓના નામ હોદ્દા સહિતની સંપૂર્ણ માહિતી આપવી તથા કાયદાની જોગવાઈ મુજબ આ તપાસ ખરેખર જેટલા સમયમાં પૂર્ણ કરવાની હોય તે કાયદાકીય વિગતો સહિતની સંપૂર્ણ માહિતી આપવી વિ.મુદ્દા નં.(૧)થી (૩)ની માાહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૩–૧૨–૧૧ ની **SMC/FAP/** નં.૪૪૭/૨૦૧૧–૧૨

શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા. ૩–૧૧–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) રાહુલરાજ ટેક્ષટાઈલ સિટીના ગેરકાયદે ખાડી પુરાણ તથા અન્ય ગેરરીતી અનુસંધાને અમારી રજૂઆત અરજી અનુસંધાને કમિશ્નરશ્રી ધ્વારા આપને તબદીલ થયેલ અરજી જે અમોએ કમિશ્નરશ્રીને તા. ૦૫–૦૯–૧૧ને રોજ આપેલ તે પત્ર નં.૪૩૮૮ તેમજ તે જ અરજી અમોએ આપને પણ આપેલ તથા એક અન્ય અરજી જે અમોએ આપને તા.૩૧–૦૧–૧૧ના રોજ આપેલ તે ત્રણેય અરજીઓ અનુસંધાને આપની કચેરી ધ્વારા આજ સુધી જે તે તપાસ સાઈટવિઝીટ કે અન્ય કોઈપણ થયેલ કાર્યવાહીની સંપૂર્ણ માહિતી પુરી પાડવા તથા આ થયેલ કાર્યવાહીના જે તે પ્રત્યુત્તર અરજદારને પાઠવેલ હોય તથા જે તે અહેવાલ કમિશ્નરશ્રીને રજૂ કરેલ હોય તો તેની નકલ સહિતની સંપૂર્ણ માહિતી આપવી તથા આજ સુધી કોઈપણ કાર્યવાહી ન થઈ હોય તો કાર્યવાહી ન કરનાર જે તે જવાબદાર અધિકારીઓના નામ હોદ્દા સહિતની સંપૂર્ણ માહિતી આપવી તથા કાયદાની જોગવાઈ મુજબ આ તપાસ ખરેખર જેટલા સમયમાં પૂર્ણ કરવાની હોય તે કાયદાકીય વિગતો સહિતની સંપૂર્ણ માહિતી આપવી વિ.મુદ્દા નં.(૧)થી (૩)ની માાહિતી આપવા બાબતે વીજીલન્સ એન્ડ ઈન્સ્પે. ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (વીજીલન્સ વિભાગ) ના પત્ર નં. વી.આઈ.ડી. / ૧૬૮૩ તા. ૧–૧૨–૧૧થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૩–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતી અંગે દફતરી હકીકત નકલ સહ સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૪૬ તા.૧૪–૧૨–૧૧ થી** વીજીલન્સ એન્ડ ઈન્સ્પે. ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (વીજીલન્સ) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.વીઆઈડી/૧૭૯૪ તા.૨૨–૧૨–૧૧ નો પૂરક પત્ર અત્રે મળેલ છે.

અરજદારની તા.૦૩–૧૧–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની વિગતે મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી વીજીલન્સ એન્ડ. ઈન્સ્પે. ઓફિસરને કરવામાં આવેલ. જેમાં રાહુલરાજ ટેક્ષટાઈલ સિટીના ગેરકાયદે ખાડી પુરાણ તથા અન્ય ગેરરીતી અનુસંધાને અમારી રજૂઆત અરજી અનુસંધાને કમિશ્નરશ્રી ધ્વારા આપને તબદીલ થયેલ અરજી જે અમોએ કમિશ્નરશ્રીને તા. ૦૫–૦૯–૧૧ને રોજ

આપેલ તે પત્ર નં.૪૩૮૮ તેમજ તે જ અરજી અમોએ આપને પણ આપેલ તથા એક અન્ય અરજી જે અમોએ આપને તા.૩૧–૦૧–૧૧ના રોજ આપેલ તે ત્રણેય અરજીઓ અનુસંધાને આપની કચેરી ધ્વારા આજ સુધી જે તે તપાસ સાઈટવિઝીટ કે અન્ય કોઈપણ થયેલ કાર્યવાહીની સંપૂર્ણ માહિતી પુરી પાડવા તથા આ થયેલ કાર્યવાહીના જે તે પ્રત્યુત્તર અરજદારને પાઠવેલ હોય તથા જે તે અહેવાલ કમિશ્નરશ્રીને રજૂ કરેલ હોય તો તેની નકલ સહિતની સંપૂર્ણ માહિતી આપવી તથા આજ સુધી કોઈપણ કાર્યવાહી ન થઈ હોય તો કાર્યવાહી ન કરનાર જે તે જવાબદાર અધિકારીઓના નામ હોદ્દા સહિતની સંપૂર્ણ માહિતી આપવી તથા કાયદાની જોગવાઈ મુજબ આ તપાસ ખરેખર જેટલા સમયમાં પૂર્ણ કરવાની હોય તે કાયદાકીય વિગતો સહિતની સંપૂર્ણ માહિતી આપવી. મુદ્દા નં.(૨) અરજદારો ધ્વારા આપને આપેલ અરજીઓ અને રજૂઆત તથા કમિશ્નર કચેરી કે અન્ય સંબધિત વિભાગમાંથી આપના વિભાગને મળેલ તમામ અરજીઓના ઈન્વર્ડ નંબર, તારીખ થયેલ કે ન થયેલ કાર્યવાહી તેમજ જે તે અરજદારોને પ્રત્યુત્તર પાઠવેલ કે ન પાઠવેલ તથા કાર્યવાહી ન કરનાર, પ્રત્યુત્તર ન પાઠવનાર, જે તે જવાબદાર અધિકારીઓના નામ હોદ્દા સહિતની સંપૂર્ણ માહિતી આપવી. તથા કાયદાની જોગવાઈ મુજબ આ તપાસ ખરેખર જેટલા સમયમાં પૂર્ણ કરવાની હોય તે કાયદાકીય વિગતો સહિતની સંપૂર્ણ માહિતી આપવી. મુદ્દા નં.(૩) મુખ્ય મંત્રીશ્રી કચેરી કે ગુજરાત સરકારના કોઈ પણ વિભાગ, ગાંધીનગર તરફથી આપને કાર્યવાહી અર્થે મળેલ અરજીઓના ઈન્વર્ડ નંબર તારીખ તથા થયેલ કે ન થયેલ કાર્યવાહી તથા કાર્યવાહી કરનાર કે ન કરનાર જે તે જવાબદાર અધિકારીઓના નામ હોદ્દા સહિતની સંપૂર્ણ માહિતી આપવી તથા કાયદાની જોગવાઈ મુજબ આ તપાસ ખરેખર જેટલા સમયમાં પૂર્ણ કરવાની હોય તે કાયદાકીય વિગતો સહિતની સંપૂર્ણ માહિતી આપવી. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.વીઆઈડી/૧૬૮૩ તા.૧–૧૨–૧૧ થી અરજીમાં માંગેલ માહિતી બાબતે હાલમાં વીજીલન્સ વિભાગ ધ્વારા કાર્યવાહી ચાલુ છે તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે કોઈ નિર્ણય નહીં મળવાના કારણે તા.૦૩–૧૨–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે અને વિના મૂલ્યે માહિતીની માંગણી કરેલ છે તેમજ દંડાત્મક કાર્યવાહીની રજૂઆત કરેલ છે. વધુમાં અરજદારે તા.૭–૧૨–૧૧ ના પત્રથી વીઆઈડી/૧૬૮૩ તા.૦૧–૧૨–૧૧ થી લખાયેલ પત્રમાં કોઈ માહિતી પૂરી પડાયેલ ન હોવાથી નારાજ છીએ તેવી રજૂઆત પણ કરેલ છે. અરજદારે રજૂઆત સંદર્ભે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.વીઆઈડી/૧૭૯૪ તા.૨૨–૧૨–૧૧ ના પત્રથી જણાવેલ છે કે અરજદારને પત્ર નં.વીઆઈડી/૧૬૮૩ તા.૦૧–૧૨–૧૧ થી જવાબ પાઠવવામાં આવેલ છે જે મુજબની વિગતે હાલ કાર્યવાહી ચાલુ છે અને પાઠવેલ જવાબના પત્રનો સંદર્ભ જણાવેલ છે. આમ અરજદારને કાર્યવાહી ચાલુ હોવાની માહિતી જણાવેલ છે. પરંતુ અરજદારને કાર્યવાહી હાલમાં કયા તબકકે છે તેની સ્થિતિ અંગે દફતરી હકીકતલક્ષી માહિતી કે આરટીઆઈ એકટની કલમ–૮(૧)(એચ) અને (આઈ) નો સંદર્ભ હોય તો તે જણાવાનો રહે. જે જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ નથી સાથે મુદ્દા નં.૨ અને ૩ અંગે મળેલ અરજીના ઈન્વર્ડ નંબર, તારીખ તથા તપાસ પૂર્ણ કરવાની કાયદાકીય સમય અવધિ અંગેની કોઈ માહિતી પૂરી પાડેલ નથી કે ઈન્કાર સબબ કોઈ અપવાદ જણાવેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૦૩–૧૧–૧૧ થી માંગવામાં આવેલ માહિતી પૈકી ફરીયાદની હકીકતમાં નિર્દિષ્ટ નહીં પૂરી પડાયેલ મુદ્દા નં.૨ અને ૩ ની અરજીના ઈન્વર્ડ નંબર , તારીખ, તથા તપાસ પૂર્ણ કરવાની કાયદાકીય સમય અવધિની દફતરી ઉપલબ્ધ માહિતી તેમજ મુદ્દા નં.૧ અંગે કાર્યવાહીનો તબકકો તથા હાલ ઈન્કાર માટે આરટીઆઈ એકટની કલમ–૮(૧)(એચ) અને (આઈ) નો સંદર્ભ લીધેલ છે કે કેમ? તેની સ્વયં સ્પષ્ટ માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા વીજીલન્સ એન્ડ ઈન્સ્પે. ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (વીજીલન્સ) ને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧–૧૨

પ્રતિ,
(૧)વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (વીજીલન્સ),.....જાણ તથા અમલ માટે
(૨) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ